ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૯ ટકા

# ગાંધીનગર પોલીસે પોણા બે કરોડ દંડ વસૂલ્યો

## છેલ્લા ૬ માસમાં માસ્ક વિના ફરતા ૭૨,૭૪૩ નાગરીકો સામે દંડનીય કાર્યવાહી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં માસ્ક વિના ફરતા નાગરીકો પાસેથી પોલીસે અધધ રૂ. ૧,૮૨,૮૪,૨૦૦નો દંડની વસુલાત કરી છે. પોલીસે કોરોના સંક્રમણમાં પણ જિલ્લામાં જાહેર સ્થળો એ માસ્ક વિના ફરતા ૭૨,૭૪૩ નાગરીકોને પાવતી પકડાવી દંડનીય કાર્યવાહી કરી છે. ત્યારે કોરોના પ્રત્યે જાગૃતિ આવતા અને દંડનીય કાર્યવાહીને પગલે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા નાગરીકો મોઢા પર માસ્ક પહેરીને જ બહાર નીકળતા થયા છે. કોરોનાની વૈશ્વિક સમસ્યા સર્જાઈ છે, કોરોના આંતક મચાવી રહ્યો છે. કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોનાનું સંક્રમણ ઘટાડવા માટે રાત-દિવસ પ્રયત્ન થઈ રહ્યા છે. લોકડાઉન પછી અનલોકની સ્થિતિમાં કોરોના પોઝીટીવ દર્દીઓના આંકડામાં ચિંતાજનક રીતે વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે કોરોના ચેપને લઈ કેટલાક દર્દીઓ મૃત્યુને પણ ભેટ્યા છે. ત્યારે સરકારની ગાઈડ લાઈન મુજબ કોરોનાને અટકાવવા માટે દો ગજની દુરી, વારંવાર હાથ ધોવા, કામ સિવાય બહાર જવુ નહી, અને મોઢા પર માસ્ક પહેરવા સુધીની સમજણ આપી નાગરીકોને જાગૃત કરવામાં આવ્યા છે. તેમ છતા કોરોનાના પ્રારંભિક તબક્કામાં તેને સરળતાથી લેતા કેટલાક નાગરીકો મોઢા પર માસ્ક વિના જાહેર સ્થળો પર ફરતા નજરે પડતા હતા. જેથી તંત્ર દ્વારા પોલીસને માસ્ક વિના ફરતા નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરવાનું કહ્યુ હતું. જેથી પોલીસે શહેર-જિલ્લામાં તમામ આવવા-જવા માટેના પ્રવેશદ્વાર પર પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જેને પગલે પોલીસે શહેરી વિસ્તારના માર્ગો પર ચાલતા જતા, બાઈક પર માસ્ક વિના જતા નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરી છે. કોરોનાના કપરા સમયમાં જિલ્લાભરમાં માસ્ક વિના ફરતા ૭૨,૭૪૩ નાગરીકો દંડાયા છે. પોલીસે નાગરીકો પાસેથી રૂ.૧,૮૨,૮૪,૨૦૦ માસ્કનો દંડ વસુલ્યો છે. ત્યારે નાગરીકો એ દંડનીય કાર્યવાહી બચવા માટે નહી પરંતુ કોરોના સંક્રમણને અટકાવવા માટે માસ્ક પહેરવુ હિતાવહ છે.





ગાંધીનગરમાં પ્રવેશના માર્ગો પર હાલ ટ્રાફિક પોલીસ જોવા મળતી નથી, વળી આરટીઓની ટીમ પણ ક્યારેક જ જોવા મળે છે. જેના કારણે ભારે સામાનથી ઓવરલોડેડ ટ્રકોને જાણે ખુલ્લુ મેદાન મળ્યુ છે. મુખ્ય માર્ગો પર ભારે વાહનોનો પ્રતિબંધ હોઈ ટ્રકો અને અન્ય ભારે વાહનોને અન્ય રસ્તો શોધી નાંખ્યો છે. ક-રોડ અને ગોકુળપુરાના રોડ પર ઓવરલોડેડ ટ્રકોની ખૂબ અવરજવર રહે છે.

## સરકારની નવરાત્રીની ગાઈડ લાઈનને આવકારતુ ગાંધીનગર વસાહત મહાસંઘ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકાર દ્વારા આગામી નવરાત્રી-દિવાળી સહિતના તહેવારો માટે ગાઈડલાઈન જાહેર કરી છે જે અનુસાર નવરાત્રીમાં રાસ-ગરબાના આયોજનને મંજૂરી આપવામાં આવી નથી. પરંતુ માત્ર માતાજીની ગરબીના સ્થાપન તથા તેની પૂજા-આરતીને ચોક્કસ નિયમોના પાલનની શરતે મંજૂરી આપવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ અખબારી યાદીમાં જણાવ્યુ છે કે દરેક વસાહતમાં કેન્દ્ર સરકારની કોવિડ-૧૯ મહામારી અંતર્ગત જાહેર કરાયેલ ગાઈડલાઈન અનુસાર મર્યાદિત અને નિયત સંખ્યામાં જ વસાહતીઓએ હાજર રહી માતાજીની આરતી-પૂજા કરવી અને શક્ય હોય તો શેરી નવરાત્રીમાં ગરબાના આયોજનને સ્વૈચ્છિક રીતે બંધ રાખી કોરોના સંક્રમણને અટકાવવા નાગરિકોએ ગાઈડલાઈનનું પાલન કરવુ જોઈએ. આ માટે તેમણે વસાહત મહાસંઘ તરફથી જાહેર અપીલ કરી છે.

## બે દિવસની રજાને પગલે શુક્રવાર બપોર પછી સરકારી કચેરીઓમાં પાંખી હાજરી

ગાંધીનગર, તા. ૯

કોરોના મહામારીના કારણે પાટનગરની સરકારી કચેરીઓમાં ફરી એકવાર સળંગ બે રજાઓના પગલે શુક્રવાર બપોર પછી જ જાણે કાગડા ઉડવા લાગ્યાં હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. તા. ૧૦ અને ૧૧ ઓક્ટોબર શનિવાર-રવિવારની સરકારી રજાઓના કારણે જૂના અને નવા સચિવાલય સહિતની ગાંધીનગરની અનેક સરકારી કચેરીઓ તથા ભવનોમાં કર્મચારીઓએ વહેલાં ઘરે જવાની ઉતાવળ દાખવી હતી જેના પગલે સાંજના ૪ વાગ્યા પછી મોટાભાગની કચેરીઓમાંથી કેટલાક કર્મચારીઓ વહેલુ કામ પતાવીને અથવા કામ લટકતુ મુકીને ઘરે જવા નીકળી જતા જોવા મળ્યા હતા. આમ પણ કન્ટેનમેન્ટ વિસ્તારની આસપાસમાં રહેતા હોય તેવા કર્મચારીઓને અધિકારીઓ દ્વારા સાવચેતીના પગલાંરૂપે મૌખિક રીતે એવી સૂચના આપેલી છે કે "તમને સોંપેલુ કામ પતી જાય એટલે તમે જાણ કરીને ઘરે જઈ શકો છો." વળી સળંગ બે રજાઓ હોવાથી અને શહેરમાં વધી રહેલા કોરોના કેસોના પગલે ઘણા કર્મચારીઓ-અધિકારીઓએ બે દિવસ માટે વતનમાં જતા રહેવાનો અભિગમ અપનાવ્યો હોવાનું પણ જોવા મળ્યું હતું જેના કારણે પણ તેઓ વહેલા ઓફિસેથી નીકળી ગયા હતા અને આ કારણે અનેક નાગરિકો જેઓ બપોર પછી પોતાના સરકારી કામકાજના હેતુસર કચેરીઓની મુલાકાતે આવ્યાં હોય તેમને અન્ય હાજર કર્મચારીએ 'સોમવારે આવજો' કહી દેવાતા ધરમધક્કા પડ્યાં હતા.



સ્માર્ટ સીટી ગાંધીનગરનો એક મહાત્વાકાંક્ષી પ્રોજેકટ એટલે સ્માર્ટ વોટર એટીએમ.... વસાહતીઓને જાહેર સ્થળોએ ઠંડા પાણીની સુવિધા મળી રહે તે ઉદ્દેશ્ય સાથે શહેરમાં ઠેર ઠેર ઉભા કરાયેલા વોટર એટીએમ આરંભે શૂરાની જેમ માત્ર થોડાક જ મહિના કાર્યરત રહ્યા. ત્યારબાદ મેઈન્ટેનન્સ અને અન્ય કારણો દર્શાવી કોન્ટ્રાકટ રાખનાર કંપનીએ આ વોટર એટીએમ બંધ કરી દીધા. શોભાના ગાંઠિયાની જેમ ઉભેલા આ વોટર એટીએમનો આસપાસના વસાહતીઓ જાતભાતનો ઉપયોગ કરે છે. કેટલાકે અહીં ઘર વખરીનો સામાન ભર્યો છે તો કેટલાકે ગાદલા-ગોદડાં... ઉનાળા સુધી આ વોટર એટીએમ શરૂ થાય તેવી વસાહતીઓ અપેક્ષા રાખી રહ્યા છે.

## કુડાસણ પાટીયા પાસે અકસ્માત થયેલી રીક્ષામાંથી ટાયર, ટેપ અને સીટની ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર - અમદાવાદ માર્ગ પર કુડાસણ પાટીયા પાસે રીક્ષા પલ્ટી જતા અકસ્માત સર્જાયો હતો. આ રીક્ષાના ત્રણ ટાયર અને સ્પેરવ્હીલ, ટેપ તેમજ સીટ મળી કુલ રૂ.૫૫૦૦ની ચીજવસ્તુની ચોરી થવા પામી હતી. જેને પગલે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. જેથી ઈન્ફોસીટી સર્વેલન્સના કર્મચારીઓએ કુડાસણ-પોર તરફથી રીક્ષા લઈને આવી રહેલ કેતન રાજેશ પટ્ટણીને પકડી પાડી પોલીસે ચોરી કરેલ મુદ્દામાલ પણ કબ્જે કર્યો હતો.

મળતી વિગત મુજબ ગોવિંદભાઈ પરમાર (ઉં.૨૭, રહે.સીંગરવા ભગવતીનગર) રીક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે ગત તા.૪ ના રોજ તેઓ નારોલ થી ગાંધીનગર મુસાફરને લઈ આવી રહ્યા હતા. તે સમયે કુડાસણ પાટીયા પાસે અચાનક કુતરુ વચ્ચે આવી જતા રીક્ષા નં. જી.જે.૦૧.ડી.વાય.-૬૧૬૭ પલ્ટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં રીક્ષા ચાલકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. ત્યારબાદ રીક્ષા કુડાસણ ખાતે પડી રહી હતી. તે દરમિયાન ત્રણ ટાયર અને સ્પેરવ્હીલ, ટેપ તેમજ સીટ મળી કુલ રૂ.૫૫૦૦ ના મુદ્દામાલની ચોરી થઈ હતી. ત્યારે સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ કુડાસણ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા, તે સમયે કોન્સ્ટેબલ દિલિપસિંહ અને વિજયકુમારને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક રીક્ષા નં. જી.જે.૦૧.ટી.એફ.-૧૪૫૫ નો ચાલક કુડાસણ થી પોર રીલાયન્સ ચોકડી તરફ આવે છે. જેથી પોલીસે રીક્ષા રોકી તેની પુછતાછ કરતા તેણે કેતનભાઈ રાજેશભાઈ પટ્ટણી (ઉં.૨૬ કુડાસણ પોર માર્ગ પર કાચા છાપરા) હોવાનું કબુલાત કરી હતી.પોલીસે રીક્ષા ચેક કરતા તેમાંથી ૩ ટાયર મળી આવ્યા હતા. જે અંગે પુછતાછ કરતા તે જવાબ આપી શક્યો ન હતો. કેતને ટાયર કુડાસણ પાસે અકસ્માત થયેલી રીક્ષામાંથી ચોરી કર્યા હોવાનું જણાવ્યું હતું. જયારે એક ટાયર અને સીટ તેણે વેચી વેચી માર્યા હતા. અંગજડતી દરમિયાન તેની પાસેથી રોકડા રૂ.૧૫૦૦ મળી આવ્યા હતા. પોલીસે મુદ્દામાલ કબ્જે કરી આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

## વાવોલની સોસાયટીમાં કોરોના ટેસ્ટ કેમ્પમાં ૪ વ્યક્તિ પોઝીટીવ મળ્યા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં સમાવિષ્ટ વાવોલ ખાતે આજે શાલીન-૪ એપાર્ટમેન્ટમાં ફરી એકવાર કોરોના ટેસ્ટીંગ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૪ કેસ કોરોના પોઝીટીવ મળી આવ્યા હતા. કેમ્પમાં આદરજ મોટી પીએચસીના કાર્યકરોએ ટેસ્ટીંગની સેવાઓ પુરી પાડી હતી.

કોરોના મહામારીને નિયંત્રણમાં લેવા આરોગ્યતંત્ર દ્વારા કમર કસવામાં આવી છે જે અંતર્ગત ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સોસાયટી-મહોલ્લા દીઠ કોવિડ-૧૯ના ટેસ્ટીંગ કેમ્પ યોજીને નાગરિકોનું વિનામૂલ્યે ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યું છે. જોકે આરોગ્યતંત્રની આ મુહીમને જોઈએ તેટલો પ્રતિસાદ નાગરિકો તરફથી સાંપડ્યો નથી અને હજુ પણ નાગરિકોની મોટી સંખ્યા પોતાનો કોરોના ટેસ્ટ કરાવવાથી દૂર ભાગી રહી છે. આજે સવારે વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટમાં કોરોના ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. વધુ નાગરિકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા જે માટે આદરજ મોટી



જેમાં એક મહિલા સહિત ચાર રહીશો કોરોના પોઝીટીવ મળી આવ્યા હતા. ચારેય દર્દીઓએ હોમ કોરોન્ટાઈન રહેવાનું પસંદ કર્યુ છે. સોસાયટીમાં અંદાજે ૬૦ થી પીએચસીની ટીમે સેવાઓ આપી હતી. આ ઉપરાંત શાલીન-૪ના યુવા પ્રમુખ વિપુલભાઈ બારોટ સહિત હોદેદારોએ વ્યવસ્થા કેમ્પની સંભાળી હતી.

## દર રવિવારે સરગાસણ ખાતે નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૯

રિહેબ મૈત્રી હેલ્થ એન્ડ ક્લીનીક દ્વારા દર રવિવારે સવારે ૯ થી ૧૨ દરમિયાન નિ:શુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પ એફ ૦૦૧/૦૦૨, સ્વાગત ફ્લેમીંગો, સરગાસણ ચોકડી પાસે યોજાશે. આ કેમ્પમાં નિદાન અર્થે શહેરના ફિઝીયોથેરાપીસ્ટ, આયુર્વેદિક નેચરોપેથી ડૉક્ટર તથા યોગ થેરાપીસ્ટ હાજર રહેશે. આ કેમ્પમાં ભાગ લેવા ૭૯૮૪૨૩૦૦૯૫ અને ૬૩૫૩૯૮૨૧૨૭૫ર સંપર્ક કરવા જણાવાયુ છે.



અધિક માસ નિમિત્તે જલારામ મહિલા મંડળ દ્વારા શહેરના જરૂરિયાતમંદોને નાસ્તાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યુ.

## કુડાસણ શ્રીજી શાનના ભોંયરામાંથી બાઈક ચોરાયું

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર ન્યું કુડાસણ વિસ્તારમાં શ્રીજી શાન ફલેટ નં.૨૦૨ ખાતે રહેતા મુળ રાજસ્થાનના પુખરાજ ભેરૂલાલ સુથાર પોતાના પરિવાર સાથે રહે છે અને ફર્નીચરનું કામકાજ કરે છે. ગત તા. ૧૯ ના રોજ પોતાનું બાઈક નં.આર.જે.૨૭.બી.આર.-૯૮૩૬ ભોંયરામાં પાર્ક કર્યુ હતું. જયારે બીજા દિવસે સવારે તા.૨૦ ના રોજ પાર્ક કરેલી જગ્યાએ બાઈક ન હતું. જેથી કોઈ ચોર ઈસમ બાઈક ઉઠાંતરી કરી ગયો છે. ત્યારબાદ પુખરાજ સગા બિમાર હોવાથી રાજસ્થાન વતન ગયા હતા. ત્યારપછી વતનથી આવીને પણ બાઈક અંગે શોધખોળ કરી હતી. પંરતુ બાઈક નહી મળી આવતા પુખરાજે પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે બાઈક ચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## પેથાપુર પરિણિતાના આપઘાત કેસમાં પતિ સહિત ચાર સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધાયો

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુર તરપોજ વાસ ખાતે છતની એંગલ પર સાડીવડે ગળાફાસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ હતી. પેથાપુર મહિલાના આપઘાત કેસમાં પતિ સહિત ચાર સામે દુષ્પ્રેરણનો ગુનો પેથાપુર પોલીસ મથકે નોંધાતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ પાલજ ખાતે રહેતા બાબુભાઈ દંતાણીને સંતાનમાં બે દિકરા અને ત્રણ દિકરી છે. ફરીયાદીની અંજલી નામની દિકરીના લગ્ન ચાર વર્ષ પહેલા પેથાપુર ખાતે રહેતા સુરેશ અમરત દંતાણી સાથે થયા હતા. પેથાપુર ખાતે ફુટની લારી ચલાવીને દંપતિ વેપાર કરતા હતા. લગ્નને ચાર વર્ષ વિતી ગયા હોવા છતા સંતાન ન હોવાથી પરિવારના સભ્યો મહિલાને મેણા-ટોણા મારતા હતા અને પતિ મારઝુડ પણ કરતો હતો.ત્રાસને પગલે મહિલા ૧૦ થી વધુ વખત સાસરીથી રીસાઈને પીયર ગઈ હતી. પરંતુ પરિવારના સભ્યો દિકરીનો સંસાર બગડે નહી તે માટે તેને સમજાવીને પરત મોકલી દેતા હતા. ગુરુવારના રોજ સવારે ફરીયાદી પર વેવાણ સવિતાબેનનો ફોન આવ્યો હતો.જેમાં દિકરીએ ગળાફાંસો ખાધો હોવાનું જણાવ્યું હતું. જેથી ફરીયાદી કુટુંબના સભ્યો સાથે પેથાપુર ગયા હતા. જયાં દિકરીએ છતની એંગલ પર સાડી વડે ગળાફાસો ખાઈ આપઘાત કરી લીધો હતો.ગાંધીનગર સિવિલમાં પીએમ સહિતની કાર્યવાહી બાદ પરિણિતાની અંતિમવિધી કરાઈ હતી. ફરીયાદીને પછીથી જાણવા મળ્યું હતું કે આપઘાતની આગળની રાત્રીએ સાસરીવાળાઓએ ઝઘડો કર્યો હતોઅને તેને પિયરમાં આવવા દીધી ન હતી. જેથી તેણે કંટાળીને ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.બનાવ અંગે સમગ્ર મુદ્દે પરિણિતાના પિતાએ જમાઈ સુરે દંતાણી, તેની માતા સવિતાબેન, પિતા અમરતભાઈ, અને ભાઈ અલ્પેશ સામે ફરીયાદ નોંધાવી હતી. પેથાપુર પોલીસે ચારેય સામે આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સે. ૩ સાંઈબાબા મંદિર દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાયુ

ગાંધીનગર, તા. ૯

સેક્ટર-૩-ડી ખાતે આવેલ શ્રી સાંઈબાબાનું મંદિર સોશિયલ ડીસ્ટન્સીંગ અને માસ્ક સાથે દર્શનાર્થીઓને માટે ખુલ્લુ મુકાયેલ છે તો ભાવિક ભક્તોને દર્શનનો લાભ લેવા વિનંતી એવું પ્રમુખ નરેન્દ્રભાઈ શાહે એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## સે-૩માં કોરોનામાં જીવ ગુમાવનાર સ્વજનોને શ્રદ્ધાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૯

કોરોનાને કારણે નગરમાં ઘણા પ્રભુ શરણે થયા છે. ત્યારે સે. ૩ ના પણ ઘણા સ્વજનો આ કોરોના મહામારીને કારણે પ્રભુ શરણે ગયા છે ત્યારે આવા દિવ્ય આત્માને શ્રદ્ધાંજલી આપવા અર્થે સે. ૩ વસાહત મંડળ દ્વારા રવિવારના રોજ સાંજે ૫.૩૦ વાગ્યે સે. ૩-ડી સ્થિત સાંઈ સેવા ટ્રસ્ટ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. સંસ્થાના પ્રમુખ વિક્રમભાઈ પટેલ અને મહામંત્રી મહેન્દ્રભાઈ પ્રવાસી દ્વારા સે. ૩ ના દરેક વસાહતી ભાઈઓ-બહેનોને દિલથી શ્રદ્ધાસુમન અર્પણ કરવા અર્થે ઉપસ્થિત રહેવા જણાવાયુ છે. આ ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર સર્વેને સ્થળ પર ફરજીયાત માસ્ક પહેરીને, સોશિયલ ડિસ્ટન્સીંગ સહિતના સરકારના તમામ નીતિ નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

## આજે સે. ૭ સરકારી પ્રાથમિક શાળા ખાતે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ

આજે લાયન્સ પરિવાર ગાંધીનગર જેસીઆઈ ગાંધીનગર અને લાયન્સ બ્લડ બેંક દ્વારા સંયુક્ત બ્લડ ડોનેશન કેમ્પ સે. ૭ સ્થિત સરકારી પ્રાથમિક શાળા નવા બિલ્ડીંગ ખાતે સવારે ૯ થી ૧૧ દરમિયાન યોજાશે. સર્વે નગરજનોને સ્વૈચ્છિક રક્તદાન કરવા સંસ્થા દ્વારા જણાવાયુ છે. તથા રક્તદાતાઓને એડવાન્સમાં રજીસ્ટ્રેશન કરાવવા ૯૯૦૯૯ ૭૩૭૭૧, ૯૯૭૪૦૭૩૯૦૬ પર સંપર્ક કરવા જણાવાયુ છે.

## ચિરવિદાય

- સ્વ. અંજલીબેન સુરેસભાઈ વાઘરી-૨૨, પેથાપુ, તા. ગાંધીનગર
- સ્વ. અગોતરિયા શાંતિભાઈ જગજીવનદાસ-૬૪, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. સુભદ્રાબેન બાબુભાઈ શાહ-૬૫, સરસપુર, અમદાવાદ
- સ્વ. મેનોન સત્યભામા રાધાકિશન-૭૫, બોરીસણ, તા. કલોલ
- સ્વ. વાઘેલા વિનુસિંહ નાથુસિંહ-૬૨, લેકાવાડા, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર કાળાજી શનાજી-૫૩, ફતેપુરા, સે.૧૫, ગાંધીનગર
- સ્વ. મીનાક્ષીબેન બીપીનચંદ્ર ત્રિવેદી-૬૦, સેક્ટર-૫, ગાંધીનગર
- સ્વ. પરમાર લક્ષ્મણભાઈ ધુળાભાઈ-૬૩, લોદરા, તા.માણસા
- સ્વ. પટેલ અંબાલાલ ઉમેદરામ-૭૮, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ મોતીબેન આત્મારામ-૯૦, સેક્ટર-૨, ગાંધીનગર